# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## ઓગસ્ટ-૨૦૨૫

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસ હર્ષોલ્લાસથી ઉજવાયો હતો.

માનનીય મહેમાન શ્રી રીતેશભાઈ આચાર્યના વરદ હસ્તે ધ્વજવંદન સાથે કાર્યક્રમની શરૂઆત થઈ અને સમગ્ર પરિસરમાં “વંદે માતરમ્” અને “જય હિન્દ”ના નાદ ગુંજી ઉઠયા. નાના બાળકોના મીઠા અવાજમાં દેશભકિત ગીતો, હૃદયને સ્પર્શી જતી કવિતાઓ અને મનમોહક નૃત્યોથી સૌના દિલમાં દેશપ્રેમનો દીવો પ્રગટયો હતો.

આ અવસરે સંસ્થાના સ્થાપક શ્રી ગીલસાહેબ, સંસ્થાના કાર્યકરો, શિક્ષક મંડળ તથા મુખ્ય મહેમાન શ્રી રીતેશભાઈ આચાર્યએ સ્વતંત્રતા માટે પોતાનું જીવન અર્પણ કરનાર શહીદોને યાદ કરી તેમના બલિદાનોને નમન કર્યું.






સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

બાળકોના ચહેરા પર ઝળહળતો ઉત્સાહ અને આંખોમાં ઝગમગતો દેશપ્રેમ આ ઉજવણીનું સાચું સૌંદર્ય બની રહો.

ચાલો, આપણે સૌ મળીને આપણા રાષ્ટ્રપ્રેમને સદા જીવંત રાખીને અને ભારતના સુવર્ણ ભવિષ્ય માટે કટિબદ્ધ બનીએ.



## લર્નિંગ સેન્ટર

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં લર્નિંગ સેન્ટરમાં બાળકોને આ માસ દરમિયાન એક ખાસ વિજ્ઞાન લેબોરેટરીના સાધનોની ઓળખ વિષય પર શૈક્ષણિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

બાળકોને લેબમાં લઈ જવામાં આવ્યા અને તેમને વૈજ્ઞાનિક સાધનો અને અનુભવાત્મક શિક્ષણનો બહુમુલ્ય પરિચય આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક સાધનો જેવા કે રાસાયણિક પદાર્થો, થર્મોમીટર, લાઈટ મશીન, મોડેલ્સ, રસાયણિક પદાર્થો અને માપન ઉપકરણો જોયા. આ ઉપરાંત તેનો ઉપયોગ શું થાય તે પણ શીખ્યા હતાં. વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસા અને ઉત્સુકતા જોવા મળી હતી અને ઘણા બાળકો આવા સાધનો પ્રથમવાર નજરે જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

શાળાના શિક્ષકે સરળ ભાષામાં બાળકોને દરેક સાધન વિશે માહિતી આપી અને તેને કેવી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે તે પ્રાયોગિક રીતે દેખાડવામાં આવ્યું હતું.




## એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિના ભાગરૂપે બાળકોને બેગલેસ શનિવારના રોજ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે, જેમાં પૂંઠા પર દાળમાંથી અલગ-અલગ આકાર દોરી તેમાં દાળ દ્વારા પુરણ કરવામાં આવ્યું હતું.

ભાઈ બહેનના પ્રેમને દર્શાવતા પવિત્ર રક્ષાબંધન તહેવાર નિમિત્તે શાળામાં રક્ષાબંધન તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની દિકરીઓ દ્વારા શાળામાં ભણતા ભાઈઓને રક્ષા માટે રાખડી બાંધીને ભાઈની રક્ષા માટે પ્રાર્થના કરી હતી. જેમાં દરેક શિક્ષણગણ અને આચાર્યશ્રીએ ભાગ લઈને આ પર્વની ઉજવણી કરી હતી.

ભગવાન શ્રી કૃષ્ણના જન્મની ઉજવણીના ભાગરૂપે શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના પવિત્ર તહેવારની ઉજવણી શાળા દ્વારા કરવામાં આવી હતી. જેના ભાગરૂપે શાળામાં બાળકો શ્રી કૃષ્ણ અને રાધાજી બનીને આવ્યા હતાં. શ્રી કૃષ્ણ ભગવાનની આરતી સંસ્થાના સ્થાપક જી. જે. ગીલ અને સંચાલક વિરલબેન ગીલ દ્વારા કરાવામાં આવી હતી. ત્યારબાદ મટકીફોડ કાર્યક્રમ યોજાયો હતો જેમાં સંસ્થાના ગોપાલો દ્વારા મટકી ફોડવામાં આવી હતી.

સ્વતંત્રતા દિવસ શાળાના પ્રાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણીના ભાગરૂપે દવજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાના સ્થાપક શ્રી જી. જે. ગીલ, આચાર્યશ્રી હાર્દિકભાઈ મકવાણા મુખ્ય મહેમાન શ્રી રીતેષભાઈ આચાર્ય દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં ધોરણ ૬ થી ૮ના બાળકોએ દેશભકિત ઉપર વકતવ્ય આપ્યું હતું.

બાળકોએ પિરામિડ, યોગાસન જેવી કૃતિઓ કરી પોતાની દેશભકિત દર્શાવી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાન દ્વારા બેસ્ટ વકતવ્ય અને કલાકૃતિ કરનાર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

ગણેશ ચતુર્થીના દિવસે સંસ્થાના પ્રાંગણમાં ગણેશજીની મુર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોમાં ભકિત વધે તે માટે છપ્પન ભોગનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો અને શિક્ષકો દ્વારા શાળાના પટાંગણમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

બાળકોનો અભ્યાસિક વિકાસ થાય તે માટે શાળાના પ્રાંગણમાં વાલીમીટીંગું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બાળકોના પ્રશ્નો, વાલીઓના પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું હતું.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ● રાખડી બનાવવામાં આવી.

તારીખ ૦૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને એક વિશેષ સર્જનાત્મક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થામાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાની હાથોથી રાખડી બનાવવાની રસપ્રદ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

બાળકોને વિવિધ પ્રકારની સામગ્રી જેવી કે ઊન, સ્ટોન, દોરા અને પૂઠાં જેવા સાધનો પુરા પાડી તેમની સર્જનશકિતને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. દરેક બાળકને પોતાની કલ્પનાશકિત અને રૂચિ મુજબ રાખડી બનાવવાની સંપૂર્ણ છૂટ આપવામાં આવી હતી.

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતું માત્ર રાખડી બનાવવાનો ન હતો, પરંતુ તેના માધ્યમથી બાળકોનાં સુક્ષ્મ હાથની કૌશલ્યતા, રંગસંયોજનની સમજ, ટીમવર્ક અને આત્મવિશ્વાસનો વિકાસ કરવાનો હતો. આ પ્રવૃત્તિમાં બાળકોએ ખુબ જ રસપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રકારની પ્રવૃત્તિઓથી સંસ્થાનો હેતું માત્ર બાળકોને હસ્તકલા જ શીખવતા નથી, પરંતુ તેઓ આપણી સંસ્કૃતિ અને પરંપરાની સાથે પણ જોડાય જાય છે. આવનાર સમયમાં પણ સ્નેહા ફાઉન્ડેશન દ્વારા બાળકોના સર્વાંગી વિકાસને વધુ મજબુતી આપવામાં આવશે.





## ● રેલ્વે સફાઈ અભિયાન

તારીખ **૧૨ ઓગસ્ટ ૨૦૨૫**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન દ્વારા રેલ્વે સ્ટેશન સ્ટાફના ઉત્તમ સહયોગથી **ભાવનગર ટર્મિનસ** ખાતે પ્રેરણાદાયી સફાઈ અભિયાન યોજાયું. આ અભિયાનમાં સંસ્થાના નાનકડા પરંતુ ઉર્જાસભર બાળકો અને રેલ્વે સ્ટાફે મળીને સ્ટેશનને સ્વચ્છ બનાવવા પોતાનો મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

સફાઈ બાદ બાળકો સાથે સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને આપણા નાગરિક દાયિત્વ વિષયક રસપ્રદ ચર્ચા પણ યોજાઈ હતી. જેમાં સૌએ ભવિષ્યમાં સ્વચ્છતા જાળવવા પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી.

ચાલો આપણે સૌ મળીને સ્વચ્છ ભારત, સુંદર ભારતના સ્વપ્નને સાકાર કરીએ.






## ● સફાઈ અભિયાન


તારીખ **૧૩ ઓગસ્ટ ૨૦૨૫**ના રોજ **સ્નેહા ફાઉન્ડેશન**, **જિલ્લા કાનુની સેવા સત્તામંડળ** અને **નિર્ભયા બ્રિગેડ**ના સંયુકત આયોજનથી તથા ભાવનગર મહાનગર પાલિકાના સહયોગથી સુર્યા ચોક, ખેડુતવાસ ખાતે ભવ્ય સફાઈ અભિયાન યોજાયું હતું.

આ અભિયાનમાં સંસ્થાના બાળકો, શિક્ષકો, કાર્યકરો તથા મહાનગર પાલિકાના સફાઈ કર્મચારીઓએ મળીને વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય હેતું નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને સૌને સ્વસ્થ પર્યાવરણ માટે પ્રેરિત કરવાનો હતો.

સ્નેહા ફાઉન્ડેશન તરફથી આ અભિયાનમાં સહભાગી બનેલા તમામનો હૃદયપૂર્વક આભાર!







## તહેવારોની ઉજવણી

### ● રક્ષાંબધન પર્વની ઉજવણી

તારીખ ૦૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન અને એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વ ઉત્સાહભેર અને ભાવસભર માહોલમાં ઉજવાયો હતો. બહેનોએ ભાઈઓના હાથ પર રાખડી બાંધી, તિલક કરી મીઠું મોઢુ કરાવ્યું હતું અને ભાઈઓએ બહેનોને ભેટ આપીને રક્ષણ અને સાથનું વચન આપ્યું હતું.





આ હર્ષભર્યા પ્રસંગે શાળામાં આનંદમય વાતાવરણ સર્જાયું અને સૌના ચહેરા પર ખુશીની ઝલક જોવા મળી હતી. સંસ્થા આવા પર્વોની ઉજવણી દ્વારા બાળકોમાં સંસ્કાર, સ્નેહ અને સંવેદનશીલતા વિકસાવવાનું કાર્ય કરી રહી છે.

## ● જન્માષ્ટમી

તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

નાનકડા વિદ્યાર્થીઓ કૃષ્ણ અને રાધાની વેશભુષામાં ખુબ જ આકર્ષક લાગતા હતા અને તેમના ઉમંગભર્યા હાવભાવ જોઈને સૌએ તાળીઓથી આનંદ વ્યકત કર્યો હતો.

કૃષ્ણ જન્મ, મટકી ફોડની રમુજી અને ઉત્સાહભરી પ્રવૃત્તિઓમાં બાળકો ખુબ જ આનંદથી જોડાયા, જયારે ભજન અને કિર્તનના મધુર સંગીતથી શાળાનું સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું.

આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ શ્રી કૃષ્ણના જીવનમાંથી મળતા મુલ્યો સતપથ પર ચાલવું. સૌ સાથે પ્રેમપૂર્વક વર્તવું અને દયાની ભાવના રાખવી જેવા મૂલ્યો હૃદયપૂર્વક સમજયા અને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.









## ● ગણેશ ચતુર્થીની ઉજવણી

તારીખ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં આ વર્ષે ગણેશ મહોત્સવનો આનંદમય માહોલ છવાઈ ગયો. ભકિતભાવથી વિદ્યાર્થીઓએ આરતી ઉતારી ભજન કિર્તન કાર્યક્રમ દ્વારા ઉજવણીને રંગીન બનાવી દીધી.

આ પ્રસંગનું વિશેષ આકર્ષણ રહ્યું - એક ઓનખા ઈકો-ફ્રેન્ડલી ગણપતિજીની સ્થાપના. આ મુર્તિમાં વિશિષ્ટતા એ હતી કે જયારે તેને દૂધ ધરાવવામાં આવે છે ત્યારે ગણપતિજી તેને પી જાય છે. આ અદ્ભુત અને આધ્યાત્મિક અનુભવથી સૌના હૃદયમાં ભકિત તથા પર્યાવરણ પ્રત્યેની જાગૃતિનો સંદેશ પ્રસરી ગયો. બાપાના આશીર્વાદથી બાળકોમાં આનંદ, ઉલ્લાસ અને શ્રદ્ધાનો માહોલ છવાઈ ગયો હતો.









# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરૂણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૩૮ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



## બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૫ના ઓગષ્ટ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી કમલેશભાઈ શાહના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૫૪ | ૨૩૭ | ૪૯૧ | કમલેશભાઈ શાહ |
| ૨. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૬૯ | ૬૪ | ૧૩૩ | રોટરેકટ કલબ ઓફ ભાવનગર |
| ૩. | શ્રી આનંદભાઈ દોશીના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૫૧ | ૨૪૬ | ૪૯૭ | શ્રી આનંદભાઈ દોશી |
| ૪. | શ્રી દિવ્યાબેન રાજાઈના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૫૩ | ૨૪૧ | ૪૯૪ | શ્રી વિનયભાઈ રાજાઈ |



## બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૫ના ઓગસ્ટ મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાલમંદિરના બાળકોને સહખુશાલી નાસ્તાનો ડબો અને પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૬૯ | ૬૪ | ૧૩૩ | રોટરેકટ કલબ ઓફ ભાવનગર |

## ઓગસ્ટ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી રોટરેક્ટ કલબ ઓફ ભાવનગર |
| ૨. | શ્રી લાયન્સ કલબ |
| ૩. | શ્રી હરીશભાઈ ગાંધી<br>શ્રી સ્મીતાબેન ગાંધી<br>શ્રી આનંદભાઈ દોશી<br>શ્રી તૃપ્તીબેન દોશી |
| ૪. | શ્રી વિનયભાઈ રાજાઈ<br>શ્રી વિનયભાઈ ટાંક<br>શ્રી નીતીનભાઈ દેસાઈ<br>શ્રી દિલીપભાઈ ત્રિવેદી |

| સપ્ટેમ્બર-૨૦૨૫ના સૂચિત કાર્યક્રમો | |
|---|---|
| તારીખ | આયોજનની વિગત |
| ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૫ | શિક્ષક દિવસની ઉજવણી. |
| ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ | હિન્દી દિવસની ઉજવણી. |
| ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | ૧૭ વર્ષ પૂર્ણ થતાં ૧૮માં વર્ષમાં મંગલ પ્રવેશ. |
| ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ | નવરાત્રીની ઉજવણી. |

**સમયથી મોટું શિક્ષક કોઈ નથી, અને અનુભવો સૌથી શ્રેષ્ઠ શિક્ષક છે.**











## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા